


જયચંદ તલકશી એન્ડ સન્સ એમ્પાયર બીલ્ડીંગ હાર્નબી રોડ મુંબાઈ

શિશુ સાહિત્યમાળા, પુષ્પ ૨૦ મું

પુંડરીકનાં બાલકાવ્યો

પ્રકાશક

જેચંદ તલકશી એન્ડ સન્સ,
એમ્પાયર બીલ્ડીંગ, હોર્નબી રોડ,
મુંબઇ

કિંમત ૦-૨-૬

આવૃત્તિ પહેલી ∴ સને ૧૯૩૯

શિશુ સાહિત્યમાળા

સંપાદક

વજુભાઇ દવે

એલિસબ્રિજ, અમદાવાદ

મુદ્રક,


મનુભાઈ અમૃતલાલ શેઠ

સ્વાધીન મુદ્રણાલય : રાણપુર


ઉદે થાયે જ્યારે,

ખીલ્યું હુંયે ત્યારે!

કવણ કળશે કાંતિમહિમા?



તેડું



આવો બાળક, ફરવા આવો,
રમવા આવો, ટોળા માં'ય;
ઘોડે કૂદો, હોડી હાંકો,
ઢગમગ ઊડો નભની માં'ય.

ફરફર કરતાં ફરો ફૂદરડી,
ઝૂમઝૂમ કરતાં નાચો બાળ;
ગાનો કેરા તાલે તાલે,
પાડો તાળી સૂણી ઢાળ.



દોરો ચિત્રા કાગળ ઉપર,
પૂરો રંગો નિત્ય અપાર;
પંખી કાઢો, ફૂલો કાઢો,
કાઢો માણસ પારાવાર.



જુઓ પેલાં ફૂલડાં નાચે,
નાચે ત્યાં મોરોની હાર.
આકાશે તારલીયા નાચે,
નાચે મોજાં દરિયા માં'ય.

કોયલડી કુહૂકુ કૂજે,
ટેંહું કરતા મોર જણાય;
ચકચક કરતી ચકલી ચીંચે,
ખિસકોલી ક્રીં કરતી ધાય.

પટપટ પૂંછડી કુરકુરિયાંની,
મ્યાંઉં કરતી બિલ્લી ધાય;
ગાય પણે બેઠી વાગોળે,

ભેંસ પડી છે કાદવ માંય.


ગધ્ધું ધૂળ મહીં આળોટે,
ઘોડો ગાડીજોડયો ધાય;
બળદગાડી ધીમે ધીમે
રસ્તા ઉપર ચાલી જાય.

મોટર પોંપોં કરતી દોડે,
ટનનન કરતી સૈકલ જાય;
ઘરઘર કરતું વિમાન ઊડે,
ચાલણગાડી ઠેલે બાળ.



આવો ત્યારે, બાળક આવો,
આવો આવો ટોળા માંય;
ચાલો જઈએ નદી કિનારે,
ફરવા તરવા પાણી માંય.

ચાલો ખૂંદો રેતી, દોડો,
માછલીઓ ખેલે જળ માંય;
રેતીના કૂબાઓ બાંધી,
ખેલો ઘરઘર પૃથ્વી માંય.



કાગળની હોડીને મૂકો
તરતી પાણીમાં વહી જાય;
પાણી વહેતું ખળખળ કરતું
હોડીને દરિયે લઈ જાય !




જુઓ પેલા ધોબી ધૂવે
કપડાં પથ્થર પર અફળાય;
મેલ બધો કાઢીને સૂકવે,
કેવાં કપડાં ધોળાં થાય !



ચાલો ત્યારે ન્હાવા પડીએ,
છબછબ રમીએ પાણીમાં'ય;

કેવાં ખળખળ કરતાં પાણી
થોકે થોકે ચાલ્યાં જાય !
ખૂબ ન્હાયાં, ઘેર આયાં,
કપડાં કોરાં પ્હેર્યાં ત્યાંય,

દોડી દોડી આવી માડી
ચૂમી ભરતી મહીં લઈ જાય;
પારણીયે પોઢાડી હાલો
કેવી સુંદર રીતે ગાય !



ઝંખના

બા, બા, જો સરમાં તરે બગ સહુ
ધોળા રૂપાળા પણે !
હુંયે એમ તરીશ એક દિવસે,
કેવી મજા આવશે ?

બા, બા, જો લચકી રહી તરુપરે
રાતી પીળી કેરીઓ !
તેવો હુંય લચીશ ડાળ પરથી,
કેવી મજા આવશે ?

બા, જો નાચ કરી રહ્યો નવ જુવે
કો એ રીતે મોરલો !




તેવો નાચ કરીશ એક દિવસે,
કેવી મજા આવશે ?

બા, જે ફૂલ હસી રહ્યું મુજ ભણી,
જાણે કહેવા કંઈ !
હું યે તેમ હસીશ વાત કરતો,
કેવી મજા આવશે ?

બા, જે ગાન ગઈ રહ્યું ગગનમાં,
પંખી પણે ઊડતું,
એવું ગાન ગઈશ હું ય ઊડતો,
કેવી મજા આવશે ?



આરતી



ઠણુણું ઠણુણું ઝાલર વાગે,
તડીંગ ધમ ધમ ગાજે ઢોલ;
ટન ટન ટન ઘંટડીઓ વાગે,
સૌ જનતાના ગાજે બોલ;
હર હર હરના નાદતણા,
પાડે પડઘા પ્હાડ ઘણા.

સવાર વેળા, સંધ્યા વેળા,
મ્હારે મ્હારે જાગે દેવ;
ઝળહળ ઝળહળ દીવા પ્રગટે,
અંતરમાં ત્યાં પ્રગટે દેવ;
શાંત થયા છે નાદ ઘણા,
હરખતણી કૈં રહી ન મણા !



મારગ



આઘે આઘે દૂર ભાગે
રસ્તો સીધો ચાલ્યો જાય;
બન્ને બાજુ ઝાડ રૂપાળાં
શીળી છાયા દેતાં પાય
લીલોતરીનો ઠંડો મીઠો
અમૃત જેવો રસ આંખોને—
ને સૌ ઝાડો ચાલ્યાં જાય!

ચાલ્યાં જાય, દૂર જાય;
તો'યે રસ્તો લાંબો લાંબો
કેમ કરીને આજ કપાય?

કોયલ કાળી કોમળ સુરે
કાન ભરી દે, મયૂર દૂરે
કેકા કરતા નાચે ત્યાંય;
તો'ય અમારો રસ્તો આજે
કેમ કરીને ઝટ કપાય!
હાય! અભાગી, ભૂલ્યો હું તો
પગથીનો સાચો મહિમાય,–
હરિયાળાં ખેતરનો મારગ
વળતો જ્યાંથી ચાલ્યો જાય,
વાંકો ચૂંકો લાગે ટૂંકો—
એવો કેમ ભૂલ્યો હું, હાય!

હરણાંઓની ટોળી ત્યાંય,
ફલંગ મારી દોડી જાય;



કાન ટટાર કરીને સસલાં
ખેતરમાં ક્યાં અલોપ થાય !

સંધ્યા આવી, સૂરજ ધીમે
પગલે અસ્ત ભણી સીધાય;
પંખીઓ કૈં કિલકિલ કરતાં
માળાને સંભારી ઊડતાં;
ઢોર અને ઢાંખર લ્હેકંતાં
ગામ ભણી ધીરેથી જાય.
જાય, જાય સહુયે જાય:
સંધ્યા આવી તે પણ જાય,
દિવસ જાય, રાત જાય,
વર્ષોનાં વર્ષો વહી જાય—

તો'ય પેલો લાંબો મારગ
સીધો સીધો ચાલ્યો જાય!
નદીઓ ને પર્વત ઓળંગી,
ગગન ભણી તે ઢળતો ધાય;
જાણે આભ વટાવી પેલી
પાર ઇશારો કરતો જાય!



એવો રસ્તાનો મહિમાય,
જાણે તેને મોજમજાય;
ના જાણે તે બેઠા બેઠા
ગપ્પાં મારી થાકી જાય;
જાણે તેઓ ચાલ્યા ચાલ્યા
પેલી પારે પ્હોંચી જાય.

બાવો આયો



બાવો આયો!

'બંબં ભૈરવ' કરતો આયો!

ભગવાં વાઘા પહેરી આયો!

કાળાં ચીંથરાં હાથે બાંધી,
મોંઢે રાખ લગાવી આયો!
ચપ ચપ ચીપિયો હાથે ઝૂલે,
તુંબી લઈ 'બં ભૈરવ' બોલે;
આગે કદમ, પીછે કદમ,
કેડે ઘુઘરો ઠણુંગ ઠણુંગ!
શેરીનાં બાળક સૌ જાગે,—
'બાવો આયો, બાવો આયો'
કરતાં બાવા પાછળ ભાગે.
બાવો આયો, બાવો ગાયો
બાળકનાં દિલ ભૂરકી ગયો!

કાળી



કાળી રૂપાળી રોમસુંવાળી
પોળતણી રખવાળ,
ગેલ કરે કુરકુરિયાં સાથે,
હાંફતી કાઢતી લાળ;
બાળુડાં પ્રેમળ હાથે,
ખેલે છે ટીલવાં સાથે. ૧

માં'કોરમાના ઓટલાને એક
ખૂણે કાળીનો વાસ,
થાળી ભરી દાળભાત લઈ
જ્યારે માં'કોર આવે પાસ;
હલાવી પૂંછડી જાતી,
ભરી ફાળ દોડે લપાતી. ૨

પોળની બ્હાર આવીને ચાટમાં
ખાવાનું રેડાય,
કાળી આવી કુરકુરિયાં સાથે
લપલપ કરતી ખાય;
રાણી છે પોળની કાળી,
માતેલી કાયાવાળી. ૩

ભરબપોરે માં'કોર બેઠાં
ઉંબરે ગોઠવી પાય;
છીંકણીની ચપટી લઈ તાણે
ને વળી ડોલાં ખાય;




કાળી આવી સોડ સંભાળે,
મા'કોરમા ઝબકી ભાળે. ૪

'મેર મુઈ' કરી ધાપટ મારતાં
પ્રેમભરી હરખાય;
બોલવાનું બોલાય નહિ
એક પૂંછડી પટપટ થાય;
કાળીની નીરવ ગાથા,
સૂણે એક મા'કોર માતા. ૫

એક સવારે ઠાઠડી નીકળી
મા'કોરમાની બ્હાર;
પોક મૂકી રામ નામ લેતી
ત્યાં નીકળી મોટી હાર;
હલાવી પૂંછડી કાળી,
એકાકી ધાય અગાડી. ૬

રોજ પ્રમાણે રાહ જોતી
કાળી મા'કોરમાની, હાય!
ખાધા વિના ઘર સ્હામું નિહાળે
મા'કોરમા કયાં જણાય!



વેળા બપોરની આવે,
ટીલુડાં કાળીને ધાવે. એ

બાળક પોળ તણાં સહુ આવી,
લડાવે કાળીને લાડ;
કાળીની આંખમાં આંસુ ભર્યાં,
કોણ સમજે કરુણ હાડ !

ટીલુડાં કાળીનાં આંસુ,
લો'વાને ફેરવે પાસુ. ૮

પંદર દિન વીત્યા પણ કાળી
લેશ ખાવાનું ન ખાય;
એક સવારે ઓટલા ઉપર,
કાળી ડચકાં ખાય;
ટીલુડાં પ્રાણસવાયાં,
માતાની ગોદ લપાયાં ! ૯




પરસેવો

કેવો ઊંચો ડુંગર પેલો,
કેવી ઊંડી ખીણ જણાય !
કેવો રસ્તો વળાંક લેતો
ઊંચે ઊંચે ચાલ્યો જાય !

જુઓ, પેલો ઊભો માણસ,
ખોદે કોદાળીથી ત્યાંય;
પરસેવાનાં ટીપાં કેવાં,
રેબઝેબ થઈ ચાલ્યાં જાય!

ખોદીને આરામ કરે છે,
પાછો કામે મંડી જાય!
ધીરે ધીરે ડુંગર કેવો
તેને હાથે તૂટતો જાય!
માણસના પરસેવામાંથી
દુનિયા ઓર નવી સરજાય!

બાગ



જુઓ કેવો બાગ વિશાળ !

ફૂલડાં હસતાં અપરંપાર;

ઊડતાં પાણી ઝરમર થાય,
સૂરજનાં કિરણમાં ન્હાય.
પંખી કરતાં શોરબકોર,
ઝાડે ઝાડે આવ્યા મ્હોર;
શીતળ વાયુ ધીરે વાય,
ફૂલનો સંદેશો લઈ ધાય.
માણસ આવે થોકે થોક,
થાક્યા પાક્યા ઊંઘે કોક;
ટ્હેલે કોઈ ચારે કોર,
ઘરડા હાંકે ઠંડે પ્હોર!
કિલકિલ કરતાં ખેલે બાળ,
બેસી લપસે વારંવાર;
ઊંચાં નીચાં બેસી થાય,
ચક્કરમાં ઘૂમતાં હરખાય.

તેજ મટી અંધારૂં થાય,
કોલાહલ ઓછા થઈ જાય;
શાંતિનું જ્યાં રાજ સ્થપાય,
કેવો સૂનો બાગ જણાય!





કમળવાળો

કમળવાળો કમળ લાવ્યો :
"કમળ લ્યો રે ભાઈ !
એક આનામાં પાંચ કર્યાં,"
એમ બૂમ મારે છે ત્યાંહી;
સૂણીને વાણિયો આવે,
મારીને બૂમ બોલાવે. ૧.

વાણિયો કહે : "'લ્યો કમળવાળા,
બોલ્ય ને સાચો ભાવ !
એક આનામાં દશ આપે તો,
ચાર આનાનાં લાવ."
વદે ત્યાં કમળવાળો :
"ફરી નહિ ભાવ અમારો." ૨.

"ભાવ ફરે નહિ એવો રે તું કોણ ?
વેપારની રીત ન્હોય !

આવ્યો કમાવા ત્યારે કરી બાંધ છોડ,
કમાવું હોય ! ”
“શીખ્યો નથી વેણ જૂઠાણાં,
ભરૂં નવ વિષથી ભાણાં !” ૩.

મૂછમાં સ્મિત કરીને બોલ્યો
વાણિયો : “ વ્હાલા ભાઈ,
કમળકેરાં ફૂલ કદાપિ
વેચ્યાં જાણ્યાં આંહીં ! ”
“ વસે જ્યાં જન વેપારી,
ખસે ત્યાંથી કમળધારી !” ૪.

શિશુ સાહિત્ય માળા

સંપાદક : વજુભાઇ દવે

બાળવર્ગથી તે ધોરણ ચોથા સુધીના બાળકો વાંચી શકે તેવા શાસ્ત્રીય પદ્ધતિથી લખાએલાં પુસ્તકો

મધુરાજા અને બીજી વાતો	મોંઘીબેન
આલા ખાચર અને બીજી વાતો	મોંઘીબેન
કેસરીસિંહ	મોંઘીબેન
અમથારામ	સોમાભાઇ ભાવસાર
નવી ઇસપનીતિ	ગિજુભાઈ
નાના હતા ત્યારે	સોમાભાઇ ભાવસાર
કેમ રહેવાય	ગિજુભાઇ
ફુલોની સુગંધ	ગિજુભાઇ
આપણી વનસ્પતિઓ	ગિજુભાઇ
૧૯૩૦ની લડાઇ	રામભાઇ પાઠક
વાર્તા ગુચ્છ	ગિરીશભાઇ
અમારૂં પતંગીયું	વજુભાઇ દવે
પુંડરીકનાં બાલગીતો	પુંડરીક
આપણું ગામ	વજુભાઇ દવે
વાર્તા મંજરી	સોમભાઇ પટેલ
બારોટના ઉખાણા	ગુલાબસિંહ
શ્રમજીવીઓ	મયંક
રૂપ સુંદરી	ચંદ્રભાઇ ભટ્ટ
ફરવા જતાં	ઉમાશંકર જોશી

મળવાનું સ્થળ :

જેચંદ તલકશી એન્ડ સન્સ

એમ્પાયર બીલ્ડીંગ, હૉર્નબી રોડ, **મુંબાઇ**